# શાંતિ અને માનવ અધિકારો નો વિકાસ : શાંતિ ના સંદર્ભમાં

ડો.ગણેશ એસ.પ્રજાપતિ

શ્રી આર.આર.લાલન કોલેજ, ભુજ. રાજ્યશાસ્ત્ર વિભાગ

Email : ganeshprajapati78@gmail.com

**સારાંશ :** શાંતિની વિભાવના સાથે માનવ અધિકારો અને વિકાસના ખ્યાલો અતૂટ રીતે સંકળાયેલા છે. માનવ અધિકારો યથાર્થ અને સંપૂર્ણ પાલન સિવાય શાંતિ અપૂરતી અને અધૂરી રહે છે.વ્યક્તિમાત્રનું ગૌરવ અને તેના વ્યક્તિત્વનું સન્માન શાંતિ માટે અપેક્ષિત છે. તેજ પ્રમાણે વિકાસની યાત્રાનું મુખ્ય લક્ષણ સમગ્ર સમાજની પ્રગતિ ઊંચ-નીચના ભેદભાવનું નિવારણ અને સૌ કોઇની સહિયારી મથામણ રહી છે. વિકાસ જો એક પ્રક્રિયા છે તો વિશ્વશાંતિ તેનો અંતિમ ઉદ્દેશ છે.

**સૂચક શબ્દ :** શાંતિ, અધિકારો, રાજકીય વિકાસની નીતિઓ, વિકાસ.

## પ્રસ્તાવના :

વિકાસશીલ રાષ્ટ્રોમાં માનવ અધિકારોના આદર અને શાંતિ ની પરિસ્થિતી નિર્માણ કરવા માટે કેવા પ્રકારની સામાજિક,આર્થિક,અને રાજકીય વિકાસની નીતિઓ અપનાવવી જોઈએ.1945માં મહાસત્તાઓ વચ્ચેના શીતયુધ્ધની સાથેજ સંયુક્ત રાષ્ટ્રસંઘ ની સ્થાપના થઈ. 1948માં સંયુક્ત રાષ્ટ્રસંઘ ની સામાન્ય સભાએ માનવઅધિકારોના ધોષણાપત્રનો સ્વીકાર કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ ખતપત્ર અને માનવઅધિકારોના ધોષણાપત્રથી ભાવિ વિશ્વ સમાજ અંગેના કેટલાક નિષ્ઠમુલક આદર્શો સૂચિત કરવામાં આવ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘ મુખ્ય હેતુઓ અંગે ખતપત્ર ના અનુચ્છેદ 1 માં જણાવવામાં આવ્યું છે કે આંતર રાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવણી રાષ્ટ્રો વચ્ચે સમાન હક્કો અને આત્મનિર્ભયના સિધ્ધાંત પ્રત્યે આદર ઉપર આધારિત એવી મૈત્રીભર્યા સંબંધો વિકસાવવા માનવીય હક્કો તથા મૂળભૂત સ્વાતંત્ર્ય પ્રત્યેનો આદર વધારવો અને તેને માટે પ્રોત્સાહિત કરવા આંતરરાષ્ટ્રીય સહકાર સાધવો વગેરે સર્વ સાધારણ ધ્યેયોની પ્રાપ્તિ માટે રાષ્ટ્રોની પ્રવૃત્તિઓ વચ્ચે સંવાદિત સાધવાનું સંયુક્ત રાષ્ટ્ર સંઘ કેન્દ્ર બનશે .

## વિકાસ તરીકે :

માનવ ઇતિહાસમાં શાંતિમય સહ-અસ્તિત્વ દ્વારા આદર્શ સમાજ વ્યવસ્થા સ્થાપવાની કલ્પના કરવામાં આવી રહી છે.છેલ્લી કેટલીક સદીઓમાં ઈટાલી કવિ દાંતે (1265-1321)બોહેમિયા પ્રાંતના રાજા જ્યોર્જ ,ઓરેસમસ ગ્રોસિયસ જેવા વિદ્વાનોએ શાંતિ અંગેના વિચારો રજૂ કર્યા હતા.આ બધામાં અરેસમસના "ધી કમ્પ્લેંટ ઓફ પીસ "(1517) અને ગ્રોસિયસ "ઓન ધી લૉ ઓફ વોર એન્ડ પીસ "લખાણો ઉલ્લેખનીય છે .

શાંતિનું મૂળ કારણ વિકાસની નીતિઓ રહી છે. છેલ્લા કેટલાક દાયકના વિકાસ દરમિયાન હિંસાની માત્રમાં ઘટાડો થયો નથી. વિકાસની નીતિઓને લીધે રાષ્ટ્રો વચ્ચેની અસમાનતા, ટેક્નોલોજીનો વિનાશકારી કર્યો માટે ઉપયોગ, નૈસર્ગિક, સાધન સંપતિનો દુરુપયોગ અને પર્યાવરણ ની અસમતુલા વગેરે પ્રશ્નો ઊભા થયા છે.વિશ્વમાં કુવિકાસથી કેટલાક રાષ્ટ્રોમાં વધુ પડતી આર્થિક સમૃધ્ધિથી સમસ્યાઓ ઊભી થઇ છેતો કેટલાક રાષ્ટ્રોમાં આર્થિક નિર્ધનતાથી જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રશ્ન ઊભો થયો છે.

વિકસિત રાષ્ટ્રો પ્રજા માટે શાંતિ એટલે યુધ્ધનો અભાવ ,નિઃશસ્ત્રીકરણ વ્યક્તિ સ્વતંત્રતા નું રક્ષણ અને ઉચ્ચ જીવનસ્તર હૉંસલ કરવું તેમ થાય છે. શાંતિ માટે વિકાસના પ્રશ્નોમાં આંતરરાષ્ટ્રીય સહકાર અને રાષ્ટ્રીય નીતિઓમાં મૂળભૂત ફેરફારો દ્વારા ઉકેલ શોધવો જોઈએ.

વિકાસમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ નો અને ખાસ કરીને યુનેસ્કો નો અગત્યનો ફાળો છે 1974 માં યુનેસ્કોની 18 મી સભામાં 'આંતરરાષ્ટ્રીય સમજ' સહકાર અને શાંતિ માટેના શિક્ષણ અંગે ભલામણ કરવામાં આવી છે.

- **લોકો વચ્ચેની સમાનતાનો અધિકાર**
- **યુધ્ધો અને ભેદભાવના પ્રકારો**
- **માનવ અધિકારોના પાલન માટે કાર્ય**
- **આર્થિક વૃધ્ધિ અને સામાજિક વિકાસ**
- **નૈસર્ગિક સાધનસંપત્તિ ની જાળવણી**
- **માનવીય સાંસ્કૃતિક વારસાની સુરક્ષા**

**માનવ અધિકારો :**

માનવીનું માનવી તરીકેનું ગૌરવ અને મૂલ્ય જાળવવા માટે જે જરૂરી છે.તેને માનવ અધિકારો કહે છે. આ અધિકારો માનવીના વિકાસને પુષ્ટ કરે છે. તેનું સંવર્ધન કરે છે. માનવ અધિકારો દ્વારા માનવીમાં તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ ભાર લાવી શકે છે અને પોતાના સમાજના વિકાસમાં અગત્યનો ફાળો આપી શકે છે. માનવ અધિકારો અંગે ની ચિંતા તે રાજકીય ચિંતન અને રાજકીય ચળવળ નું મુખ્ય કેન્દ્ર રહેલ છે.સરકારની દમનકારી નીતિઓ અને કર્યો સામે સંરક્ષણની માંગ,અમાનવીય શિક્ષાઓ અને મનસ્વી ધરપકડ સામે ખાતરી,વાણી સ્વાતંત્ર્ય,કાયદાનું શાસન,ગુપ્ત મતદાન અને સાર્વત્રિક મતાધિકારની જાળવણી, રાજકીય અધિકારોની જાળવણી અંગે વિશ્વના દરેક રાષ્ટ્રોમાં માંગણીઓ થતી રહી છે.

માનવ અધિકારોનું ઐતિહાસિક ઉદભવસ્થાન ગ્રીસ અને રોમમાં જોવા મળે છે.ગ્રીસના સ્ટોઇક ફિલસૂફો એમ માનતા હતા કે "કુદરત એક કાયદો "છે.કુદરતના એ કાયદાએ માણસને કેટલાક અધિકારો આપેલા છે. રોમના કાયદાશાસ્ત્રી ઉલ્પીએના મતે નૈસર્ગિક હક્કો એ રાજ્યોમાં નહિ પણ કુદરતે દરેકને આપ્યા છે.સમાજવાદી વિચારધારા માનવ અધિકારોના ખ્યાલને રાષ્ટ્રો જુદી રીતે જુએ છે. માર્કસવાદ લેનિનવાદનો સિધ્ધાંત એમ મને છેકે માનવ અધિકારોએ માનવીના સ્વભાવ પરથી ઉદભવેલા નથી .પરંતુ વ્યક્તિના સમાજમાના સ્થાન અને જાહેર ઉત્પાદન પરથી આવેલ છે.

**માનવ અધિકારોની વિશ્વવ્યાપી ધોષણા :**

10મી ડિસે.1948ના સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ "માનવ અધિકારોની વિશ્વ વ્યાપી ઘોષણા "નો સ્વીકાર કર્યો.આ ઘોષણપત્રથી માનવ અધિકારો કોઇ એક રાજ્ય કે સમાજના રહેતા સમગ્ર માનવજાત માટે સર્વસામાન્ય રીતે સ્થાન પામ્યા છે. માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણામાં બધા અધિકારો "સર્વ લોકો અને રાષ્ટ્રો માટે સિધ્ધિના સામાન્ય ધોવાણ"તરીકે સ્વીકાર પામ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ અને સિધ્ધિઓના અનુચ્છેદ 13 માં આર્થિક, સામાજિક, સાંસ્કુતિક કેળવણી અંગેના ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સહકાર અને ઉત્તેજન આપવા જાતી, લિંગ, ભાષા અને ધર્મના ભેદભાવ સિવાય સર્વને માટે મૂળભૂત સ્વતંત્ર્યો તથા માનવીય હક્કોના સંપાદનમાં સહાય કરવાનો સંકલ્પ કરવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ ના ખતપત્ર આંતરરાષ્ટ્રીય આર્થિક અને સામાજિક સહકારના અનુચ્છેદ 55માં રાષ્ટ્રો વચ્ચે લોકોના સમાન હક્કો અને આત્મનિર્ણય ના સિધ્ધાત પ્રત્યે આદર ઉપર નિર્ધારિત,શાંતિમય અને મૈત્રીભાવ ને સંબંધો માટે જરુરી સ્થિરતા અને સુખની પરિસ્થિતી ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી સંયુક્ત આદર તથા તેના પાલનથી અભિવૃધ્ધિ કરશે. માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાપત્ર માં કુલ 39 કલમો છે.માનવ અધિકારોનું તત્વજ્ઞાન સમજવાની પહેલી કલમમાં જણાવ્યુ છેકે પ્રતિષ્ઠા અને અધિકારોની દષ્ટિએ સર્વ માનવો જન્મથી સ્વતંત્ર અને સમાન છે.તેમનામા વિચારશક્તિ અને અંત:કરણ હોય છે.

**નાગરિક અને રાજકીય આધિકારોનો આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્ર :**

આ પ્રતિજ્ઞાપત્ર નો સ્વીકાર સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાની 19 ડિસે.1966 ના રોજ કર્યો અને તેનો અમલ 23માર્ચ 1976થી શરૂ થયો.1 જાન્યુ 1984 સુધી 77 રાષ્ટ્રોએ આ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરી હતી.આ પ્રતિજ્ઞાપત્ર મુજબ સંયુક્ત રાષ્ટ્ર સંઘ ના મુખપત્રોનો કેન્દ્રમાં રાખીને બધાજ લોકોને આત્મનિર્ણય કરવાનો અધિકાર છે.આ અધિકારોમાં જીવનનો અત્યાચાર ,અમાનવીય શિક્ષા પર પ્રતિબંધ, ગુલામી પ્રથાની નાબૂદી કરવી. દરેક વ્યક્તિનો સ્વતંત્રતા અને સુરક્ષાનો અધિકાર , મુક્તપણે ફરવાનો અને કોઈપણ સ્થળે વસવાટ કરવાનો અધિકાર,કાયદા સામેની સામાનતાનો અધિકાર,વિચારો અને ધર્મની સ્વતંત્રતા,સંઘઠ્નો જેવા કે મજૂર સંઘઠ્નો વગેરે રચવાનો અધિકાર,લગ્ન કરવાનો અને કુટુંબનો અધિકાર,રાજકીય પ્રક્રિયા જાહેર બાબતોનો અધિકાર વગેરેનો સમાવેશ થાય છે.

**આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનો આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્ર :**

આ પ્રતિજ્ઞાપત્ર નો અમલ 23માર્ચ 1976થી શરૂ થયો.માનવ અધિકારોનું વિશ્વ વ્યાપી ઘોષણપત્ર જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘમા પસાર થયું ત્યારે મોટાભાગના વિકાસશીલ રાષ્ટ્રો સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય ન હતા. પરંતુ નાગરિક અને રાજકીય અધિકારોના આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્ર અને આર્થિક,સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનો આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્ર પસાર થયો ત્યારે વિકાસશીલ રાષ્ટ્રોએ બહુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

- **આત્મનિર્ણયના આ હેતુ પ્રમાણે સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો અંત લાવી વિકાસશીલ રાષ્ટ્રોએ રાજકીય સ્વતંત્રતા મળવી જોઇએ.**

- **સંસ્થાનવાદની સાથે જોડાયેલ ભેદભાવો દૂર કરવા.**
- **વિકાસશીલ રાષ્ટ્રો તેમનો આર્થિક,સામાજિક અને સંસ્કૃતિક વિકાસ કરી શકે અને પોતાની સ્વતંત્રતા પ્રમાણે કુદરતી સાધન સંપત્તિનો ઉપયોગ કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકે.**

જૂન 1981મા આફ્રિકા એકતા સંગઠન નાં રાષ્ટ્રોના સહકારી વડાઓના આઠમા સં મેલનમાં માનવ અને લોકોના અધિકારોનું ઘોષણાપત્ર પસાર કરવામાં આવ્યું.આ ઘોષણાપત્ર ની પ્રથમ બેઠક 8 કલમોમાં વ્યક્તિના અધિકારો અને પછીની 8 કલમોમાં લોકોના અધિકારો રજૂ કરવામાં આવ્યા છે.અહી વ્યક્તિના અધિકારો અને લોકોના સામૂહિક અધિકારોને સમાન દરજ્જો આપવામાં આવે છે.

## માનવ અધિકારોના ખ્યાલનાં ત્રણ અધ્યાય :

પ્રથમ અધ્યાયમાં માનવ અધિકારોનાં મૂળ 17 અને 18 મી સદીમાં પશ્ચિમના રાષ્ટ્રોના બનેલી ઘટનાઓ દરમિયાન નંખાયા હતા.આ અધિકારોના મુખ્ય ઘોષણપત્રોમાં માનવ અધિકારોનું વિશ્વવ્યાપી ઘોષણપત્ર અને નાગરિક અને રાજકીય અધિકારોનું આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્ર નો સમાવેશ થાય છે.આ અધિકારોનું હાર્દ સમાનતા છે.

છેલ્લા બે દાયકાથી માનવ અધિકારોનો ખ્યાલ પ્રચલિત બન્યો છે.આ અધિકારોના મૂળ વિકાસશીલ રાષ્ટ્રોની વિકાસની સમસ્યાઓ શસ્ત્રદોટ, પર્યાવરણ અને નૈસર્ગિક સંપત્તિનો બગાડ વગેરેમાં જોવા મળે છે. આ અધિકારોમાં રાષ્ટ્રોના અને લોકોના આત્મ-નિર્ણયનો અધિકાર,શાંતિ અને સુરક્ષાનો અધિકાર, વિકાસનો, અધિકાર, આરોગ્યદાયક અને પર્યાવરણનો અધિકાર વગેરે મુખ્ય છે.

ત્રીજા અધ્યાયના માનવ અધિકારોના શાંતિનો અધિકાર બહુ જ અગત્યનો છે.જે મુજબ શાંતિની જાળવણી માટે શસ્ત્રદોટથી ઊભો થતો ભય દૂર કરવો જોઇએ. આ સાથે સ્વતંત્રતા,સમાનતા, સર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા જાળવણી, રાષ્ટ્રોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવો નહીં વગેરે સિધ્ધાતો પર રાષ્ટ્રો વચ્ચે પરસ્પર લાભદાયક નીવડે તે રીતે આર્થિક,સામાજિક અને સંસ્કૃતીક ક્ષેત્રોમાં સહકાર વધારવો જોઇએ.

## માનવઅધિકાર અને વિશ્વશાંતિ:

વ્યક્તિનો થોડાક અહસ્તાંરિત અધિકારોનો સિધ્ધાંત બહુ પ્રાચીન છે.જ્યારે માનવ અધિકારોનો ઉદ્ભવ આંતરરાષ્ટ્રીય કાનૂન છે. માનવઅધિકાર અને વિશ્વશાંતિ આ બે સિધ્ધાંત એકબીજાને વધારે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.વીસમી સદીમાં એશિયા, આફ્રિકા,અને લેટિન અમેરિકા તેમની મુક્તિ માટેના સાક્ષી છે. જેમાં દુનિયાની અડધી જનસંખ્યા સ્વતંત્ર થઈ તથા આ સ્વતંત્રતા માનવજાતિના સ્વર્ણિમ ભવિષ્ય માટે પ્રતિકરૂપ છે.આ સદીમાં ગાંધીજીને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવ્યો. સરદાર પટેલ ને અન્યાય અને દમન લડવા માટે નિર્દેશ કર્યો. નેહરૂ ને ગૂઢ નિરપેક્ષતા અને વિશ્વશાંતિ માટે કોશિશ કરી. આ ઉપનિવેશવાદના વિરુધ્ધની એક લહેર હતી.જે 1947 થી ભારત માંથી ઉદ્ભવી જેને સંપૂર્ણ વિશ્વની રાજનૈતિક,ભૌગોલિક સ્થિતિઓને બદલી નાખી.આંતર રાષ્ટ્રીય કાયદો નહીં પરંતુ માનવજાતિના મૂળભૂત કાયદાઓની પરંપરાના સિધ્ધાંતો અને નિયમો ને પરિવર્તિત કરી નાખ્યા.તથા માનવ

અધિકારોની એકાત્મતા અને માનવ જાતિના એકતાનો એક યુગમાં પ્રવેશથી માનવીય ચિંતન ને ક્રાંતિકારી બનાવી દોધુ.

માનવ અધિકાર એટલા પ્રાચીન છેકે જેટલી માનવ સભ્યતા સ્વસ્થ સમાજની ઓળખ માનવ અધિકારોની ઓળખ છે.ભારતીય ઋષિ–મુનીઓને સદૈવ વિશ્વ બંધુત્વ, પ્રેમ અને વસૂધૈવ કુટુંબકમ ના ગીતો ગાયા છે. ગુરુનાનકે કહ્યું છેકે "કોઈ મારો શત્રુ નથી કે કોઈ બહાર નથી બધા મારા ભાઈ છે. વિશ્વમાનવ વ્યવસ્થા એક કાયદાની વાસ્તવિકતા છે તથા શાંતિની સંસ્કૃતિને પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર માં કરવામાં આવ્યું છે.ચાર્ટરના લક્ષોની પ્રાપ્તિ માટે પ્રત્યેક અધિકાર અને કર્તવ્ય માનવધિકારોની વૈશ્વિક ઘોષણાઓ અપ્રત્યક્ષ રૂપથી અંતઃનિર્હિત છે. આમ આત્મનિર્ભરતા,લોકભાગીદારી,અહિંસા અને એકતાના મૂલ્યો સ્વીકારતા વિકાસશીલ રાષ્ટ્રોમાં આત્મનિર્ભરતા દ્વારા વિકાસના પાયાનો પ્રશ્ન-માનવ જરૂરિયાતો સંતોષવી વિગેરેનો ઉકેલ શક્ય બનશે. રાષ્ટ્રો વચ્ચેની એકતા દ્વારા શાંતિ અને રાષ્ટ્રીય સુરક્ષાનો ઉકેલાશે.લોકભાગીદારી અને અહિંસાના મૂલ્યો દ્વારા માનવધિકારોની જાળવણી શક્ય બનશે.

**સંદર્ભ સૂચિ :**

૧. શાહ મહેંદ્ર કે. : માનવ અધિકારો,શાંતિ અને વિકાસ વિકાસશીલ રાષ્ટ્રોના સંદર્ભમાં, અમદાવાદ, પ્રથમ આવૃતિ, માર્ચ, 1991.
૨. મોતિયાની પુષ્પાબેન : મહિલા વિકાસની નવી દિશાઓ,શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.